# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

**************************************************

1) કેન્દ્ર સરકારે ત્રણ હજાર 626 કરોડ રૂપિયાના ખર્ચે પુણે મેટ્રો રેલ પરિયોજનાના બીજા તબક્કાના વિસ્તરણનો નિર્ણય લીધો
2) સમગ્ર દેશમાં આજે સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવી રહ્યો છે
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં 'ધ ઇમરજન્સી ડાયરીઝયર્સ ધેટ ફોર્જ્ડ અ લીડર-' પુસ્તકનું વિમોચન કર્યું
4) ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા આજે એક્સિઓમચાર મિશન - હેઠળ અવકાશમાં જવા રવાના થયા
5) ઈરાનની સંસદે U.N. પરમાણુ નિરીક્ષક સંસ્થા, આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા સંસ્થા સાથે સહયોગ સ્થગિત કરવાના ખરડાને મંજૂરી આપી

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## CABINET-BRIEFING

કેન્દ્ર સરકારે ત્રણ હજાર 626 કરોડ રૂપિયાના ખર્ચે પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટના બીજા તબક્કાના વિસ્તરણનો નિર્ણય લીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે લીધેલા નિર્ણયો અંગે માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 13 સ્ટેશનો સાથે નવી મેટ્રો લાઇન તરીકે 12.75 કિલોમીટરની વધારાની લંબાઈ ઉમેરવામાં આવશે. તેમણે કહ્યું કે પુણે મેટ્રો રેલ પ્રોજેક્ટ આઇટી હબ, વાણિજ્યિક વિસ્તારો, શૈક્ષણિક સંસ્થાઓ અને રહેણાંક વિસ્તારોમાં સેવા આપશે, જેનાથી સમગ્ર નેટવર્કમાં જાહેર પરિવહન અને સવારીનો હિસ્સો વધશે.

(બાઇટ- ASHWINI-ON-PUNE-METRO)

શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ઝારખંડમાં ઝારિયા કોલસા ક્ષેત્રના પુનર્વસન માટે સુધારેલા માસ્ટર પ્લાનને મંજૂરી આપી છે. તેમણે એ પણ માહિતી આપી હતી કે કેન્દ્ર સરકારે ઉત્તર પ્રદેશના આગ્રા ખાતે આંતરરાષ્ટ્રીય બટાટા કેન્દ્ર દક્ષિણ એશિયા પ્રાદેશિક કેન્દ્ર સ્થાપવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

(બાઇટ: - ASHWINI-VAISHNAV-ON-POTATO-INSTITUTE)

તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે કટોકટીની જાહેરાત થયાના 50 વર્ષ પૂર્ણ થવા પર એક ઠરાવ પસાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, સરકાર કટોકટીનો બહાદુરીથી પ્રતિકાર કરનારા અસંખ્ય વ્યક્તિઓના બલિદાનને યાદ કરવા અને તેમનું સન્માન કરવાનો સંકલ્પ કરે છે. આ ઉપરાંત અવકાશ મિશન એક્સિઓમ-૪ મિશનના સફળ પ્રક્ષેપણ પર એક ઠરાવ પસાર કરાયો છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન સુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર જનારા પ્રથમ ભારતીય બનવાના માર્ગે છે.

# SAMVIDHAN HATYA DIWAS

આજે સંવિધાન હત્યા દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આ દિવસ 25 જૂન 1975 ના રોજ ભારતના બંધારણને કચડી નાખવામાં આવ્યું ત્યારે શું થયું તેની યાદ અપાવે છે. આ દિવસ કટોકટીના અતિરેકથી પીડાતા દરેક વ્યક્તિને શ્રદ્ધાંજલિ આપવાનો પણ દિવસ છે.સાંભળીએ એક અહેવાલ

(વોઇસ કાસ્ટ : અનુપમ)

# EVE. PM-EMERGENCY BOOK

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં 'ધ ઇમરજન્સી ડાયરીઝ-યર્સ ધેટ ફોર્જ્ડ અ લીડર' પુસ્તકનું વિમોચન કર્યું. આ પુસ્તકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, જે તે સમયે RSS યુવા પ્રચારક હતા, તેમણે કટોકટી સામેની લડાઈમાં ભજવેલી આકર્ષક ભૂમિકાનો સમાવેશ થાય છે. આ પુસ્તકમાં લોકશાહીના આદર્શો માટે લડતા શ્રી મોદીનું આબેહૂબ ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે. શ્રી શાહે કટોકટીની 50મી વર્ષગાંઠ નિમિત્તે સંવિધાન હત્યા દિવસ 2025ના કાર્યક્રમ દરમિયાન આ પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન, કેન્દ્રીય ગૃહમંત્રીએ લોકતંત્ર ઝિંદાબાદ યાત્રાને લીલી ઝંડી આપી હતી. આ યાત્રા દેશભરમાં ફરશે જેનો ઉદ્દેશ્ય બંધારણીય મૂલ્યો, લોકશાહી અધિકારો અને કટોકટીમાંથી શીખેલા પાઠ વિશે જાગૃતિ ફેલાવવાનો છે.

આ પ્રસંગે, શ્રી શાહે કટોકટી દરમિયાન લોકો પર થયેલા અત્યાચારો પર પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું કે બધાએ કટોકટીની યાદોને જીવંત રાખવી જોઈએ જેથી તે ક્યારેય પુનરાવર્તિત ન થાય.

(બાઇટ: -AMIT-SHAH-ON-EMERGENCY)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AXIOM-4 – LAUNCH

દેશ માટે એક ઐતિહાસિક ક્ષણમાં, ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા આજે એક્સિઓમ-૪ મિશન પર અવકાશમાં રવાના થયા. રાકેશ શર્મા પછી શુક્લા ચાર દાયકાથી વધુ સમયમાં અવકાશમાં રહેનારા પ્રથમ ભારતીય બનશે. આ મિશન આજે ભારતીય સમય મુજબ બપોરે ૧૨.૦૧ વાગ્યે યુનાઇટેડ સ્ટેટ્સના ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ભારતીય અવકાશ સંશોધન સંગઠને જણાવ્યું છે કે, એક્સિઓમ-૪ આવતીકાલે સાંજે સાડા ચાર વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથક સાથે ડોક કરશે.

દરમિયાન, ગ્રુપ કેપ્ટન શુક્લાએ અવકાશમાંથી સંદેશ મોકલ્યો છે કે આ એક અદ્ભુત સવારી છે. તેમણે ઉમેર્યું કે તેઓ 41 વર્ષ પછી ફરી એકવાર અવકાશમાં પાછા ફર્યા છે.

(BYTE : SHUBHANSHU SHUKLA)

# PM-SUBHANSHU SHUKLA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત, હંગેરી, પોલેન્ડ અને અમેરિકાના અવકાશયાત્રીઓના અવકાશ મિશનના સફળ પ્રક્ષેપણનું સ્વાગત કર્યું છે. સોશિયલ મીડિયામાં શ્રી મોદીએ કહ્યું કે, ભારતીય અવકાશયાત્રી, ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લા આંતરરાષ્ટ્રીય અવકાશ સ્ટેશન જનારા પ્રથમ ભારતીય બનવાના માર્ગે છે. તેમણે કહ્યું કે, ગ્રુપ કેપ્ટન શુક્લા તેમની સાથે 1.4 અબજ ભારતીયોની ઇચ્છાઓ, આશાઓ અને આકાંક્ષાઓ લઈને જાય છે. શ્રી મોદીએ તેમને અને અન્ય અવકાશયાત્રીઓને સફળતાની શુભેચ્છા પાઠવી.

# IRAN-IAEA

ઈરાનની સંસદે આજે સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ નિરીક્ષક સંસ્થા, આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી સાથે સહયોગ સ્થગિત કરવાના ખરડાને મંજૂરી આપી છે. ઈરાની મીડિયાએ અહેવાલ આપ્યો છે કે તાજેતરમાં એસ્ફહાન, ફોર્ડો અને નાતાન્ઝમાં ત્રણ ઈરાની પરમાણુ સ્થળો પર અમેરિકના હુમલા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સંસદના સત્ર દરમિયાન, કાયદા ઘડનારાઓએ IAEA સાથે સહયોગ સ્થગિત કરવાની યોજનાની સામાન્ય રૂપરેખા પર સંમતિ દર્શાવી હતી. સત્રમાં હાજર 223 પ્રતિનિધિઓમાંથી, 221 એ પક્ષમાં મતદાન કર્યું, એક સભ્યએ વિરોધમાં મતદાન કર્યું અને અન્ય એક સભ્યએ મતદાનમાં ભાગ ન લીધો. ઈરાને જણાવ્યું હતું કે તેને તેની સાર્વભૌમત્વ, હિત અને લોકોનું રક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે.

# GOYAL-REVIEW MEETING

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે દેશની નિકાસને વેગ આપવા માટે મુખ્ય ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા અને નિકાસ સ્પર્ધાત્મકતાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, દેશે એવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જેમાં ભારત અન્ય દેશો કરતાં સ્પર્ધાત્મક રીતે આગળ હોય. શ્રી ગોયલે ઉત્પાદન સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના પર સમીક્ષા બેઠક દરમિયાન આ મુજબ જણાવ્યું હતું. તેમણે ભાર મૂક્યો કે જથ્થાને બદલે ગુણવત્તાયુક્ત કુશળ માનવશક્તિ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. PLI યોજના 14 મુખ્ય ક્ષેત્રોમાં અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે. આ યોજનામાં એક લાખ 76 હજાર કરોડ રૂપિયાના રોકાણ જોવા મળ્યા છે, જેનાથી 12 લાખ સીધી અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થઈ છે.

# ISRAEL-SOLDIERS KILLED

ઇઝરાયલે આજે પુષ્ટિ આપી છે કે દક્ષિણ ગાઝામાં યુદ્ધ દરમિયાન એક વિસ્ફોટક ઉપકરણ તેમના સશસ્ત્ર વાહન સાથે અથડાયા બાદ સાત સૈનિકો માર્યા ગયા હતા. ગઈકાલે ખાન યુનિસમાં સૈનિકો વાહન ચલાવી રહ્યા હતા તે વખતે એક ઓપરેટિવે સશસ્ત્ર લડાઇ એન્જિનિયરિંગ વાહન પર બોમ્બ મૂક્યો હતો જેના કારણે આ ઘટના બની હતી. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, વિસ્ફોટથી વાહનમાં આગ લાગી હતીઅને આગ  ઓલવવાના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા હતા. અંદર રહેલા બધા સૈનિકો આગમાં મૃત્યુ પામ્યા હતા. અગાઉ, દક્ષિણ ગાઝા પટ્ટીમાં યુદ્ધમાં આ જ બટાલિયનનો બીજો સૈનિક ગંભીર રીતે ઘાયલ થયો હતો.